# M. S. UNIVERSITY OF BARODA.

**Faculty of Education and Psychology**

ATTITUDE SCALES & QUESTIONNAIRES

*Constructed by :* **Ku. M. M. Shah**

---

નામ ______________________

શાળાનું નામ ______________ ગામ ______________ જિલ્લો ______________

ઉંમર ______________ તારીખ ______________ વર્ગ ______________

વાલીનો ધંધો ______________

ભવિષ્યમાં શું થવાની ઇચ્છા રાખો છો? ______________

તમે કદી નાપાસ થયા છો? ______________ કયા ધોરણમાં ______________

**સુચના** :- (૧) પુસ્તિકા મળે કે તરત ઉપરની માહિતી ભરી દો.

(૨) કહેવામાં આવે નહિં ત્યાં સુધી પુસ્તિકા ખોલશો નહિ.

(૩) આ પુસ્તિકામાં કુલ છ કસોટીઓ આપી છે. એક પછી એક લેજો.

(૪) દરેક કસોટીને મથાળે પૂરતી સૂચના આપેલી છે, તે વાંચીને આગળ વધો.

| કસોટીનો અનુક્રમ નં. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | કુલ | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| પ્રાપ્ત ગુણ | | | | | | | | |

# કસોટી નં. ૧

## કેળવણી અને શૈક્ષણિક કાર્યક્રમ તરફ વિદ્યાર્થીઓનું વલણ

**સૂચના :-** નીચે આપેલાં વાકયો વાંચો અને તેમાંથી જે વાકયની હકીકત સાથે તમે સંમત થતા હોય તેવાં ફક્ત ત્રણ જ વાકયો સામે બાજુમાં રાખેલી જગામાં '✓' કરો. વાકયોની પસંદગી પ્રામાણિકપણે કરજો,

| | | |
|---|---|---|
| ૧ | આજનું શિક્ષણ તદ્દન નકામું છે. આળસુ થતાં શીખવે છે. | |
| ૨ | આજના શિક્ષણમાં ડગલે ને પગલે પરીક્ષાનો હાઉ ઊભો કરવામાં આવ્યો છે. | |
| ૩ | આજનું શિક્ષણ જીવનનિર્વાહ માટે પણ ઉપયોગી નથી. | |
| ૪ | કોઇક વખતે મને આજનું શિક્ષણ ગમે છે, અને કોઇક વખતે નથી ગમતું. | |
| ૫ | આજનું શિક્ષણ ઠીક છે. વિદ્યાર્થીઓને કામગરા બનાવે છે. | |
| ૬ | હું ઘરમાં બેસી રહેવા કરતા શિક્ષણ લેવું પસંદ કરું. | |
| ૭ | આજનું શિક્ષણ વિશાળ વાચનની ટેવ વિકસાવે છે. | |
| ૮ | આજનું શિક્ષણ મને કોઇપણ રીતે ઉપયોગી લાગતું નથી. | |
| ૯ | આજના શિક્ષણમાં ફક્ત ધનિકોના દીકરાઓ ખાનગી ટ્યુશન મારફતે અયોગ્ય રીતે ઊંચા આવતા જણાય છે. | |
| ૧૦ | કોઇપણ કારણે આજની કેળવણીમાં કાંઇક ખૂટે છે એવું લાગ્યા કરે છે. | |
| ૧૧ | આજની શિક્ષણપ્રથા ઠીક છે. મારે એ વિશે કાંઇ જ કહેવાનું નથી. | |
| ૧૨ | આજનું શિક્ષણ બાળકોના સર્વાંગી વિકાસમાં મદદરૂપ છે. | |
| ૧૩ | આજની કેળવણી લોકશાહી નાગરિક બનવાની પ્રેરણા આપે છે. | |
| ૧૪ | આજના શિક્ષણથી વિદ્યાર્થીઓ સાહિત્યપ્રેમી બન્યા છે. | |
| ૧૫ | આદર્શ નાગરિક બનવા માટે આજનો અભ્યાસક્રમ ખૂબ જ અનુકૂળ છે. | |
| ૧૬ | આજનું શિક્ષણ મને જીવનમાં પગભર થતાં શીખવે છે. | |
| ૧૭ | આજની કેળવણીનો ઉપયોગ વ્યવહારમાં જરા પણ થતો નથી. | |
| ૧૮ | ગમે તેમ હોય પણ આજની કેળવણીથી કોઇને પણ ફાયદો થયો હોય તેવું લાગતું નથી. | |
| ૧૯ | આજના અભ્યાસક્રમમાં અનેક વિષયોનો ખીચડો કરવામાં આવ્યો છે. | |
| ૨૦ | આજની કેળવણી જ સાચી કેળવણી છે, જે વિદ્યાર્થીઓને દરેક ક્ષેત્રના જાણકાર બનાવે છે. | |
| ૨૧ | આજનું શિક્ષણ ઉત્તમ પ્રકારનું છે. | |

# કસોટી નં. ૨

## શાળા તરફનું વિદ્યાર્થીઓનું વલણ

**સૂચના :**–નીચે આપેલાં વાકયો વાંચો અને તમે જેની સાથે સંમત થતા હોય તેવાં ફક્ત ત્રણ જ વાકયો પસંદ કરી '✓' કરી વાકયોની પસંદગી પ્રામાણિકપણે કરજો.

| | | |
|---|---|---|
| ૧ | હું તો માનું છું કે શાળાઓને તાળાં મારી દઇ શિક્ષકોને કંઇ ઉપયોગી કામ કરતા કરવા જોઇએ. | |
| ૨ | શાળાના શિક્ષકો સમાજ ઉપર ભારરૂપ છે. | |
| ૩ | મને વર્ગમાં ગમતું નથી. | |
| ૪ | શાળા સારી હોઇ શકે પણ હું નથી માનતો તેનાથી કાંઇ સારુ થઇ શકે. | |
| ૫ | મને કોઈક વખતે શાળા ગમે છે અને કોઈક વખતે નથી ગમતી. | |
| ૬ | નિશાળમાં ખામી તો હોય છે, પણ ત્યાં જવું ગમે છે. | |
| ૭ | જે લોકોએ શાળામાં કેળવણી ન લીધી હોય તેમની સાથે હળવું મળવું મને ગમતું નથી. | |
| ૮ | નિશાળે જવાથી નોકરી મેળવવામાં સહાય મળે છે. | |
| ૯ | શાળાની કેળવણી કોઇપણ બાળક માટે લાખો રૂપિયાથી વધુ કીમતી છે. | |
| ૧૦ | શાળાનું ભણતર સારા નાગરિક બનવામાં મદદ કરે છે. | |
| ૧૧ | મને શાળાનું કામ કરવું ગમે છે. | |
| ૧૨ | ઘેર રહેવા કરતાં હું શાળાએ જવું પસંદ કરું. | |
| ૧૩ | હું શાળાની દરકાર કરતો નથી પણ બીજાઓએ કરવી જોઇએ એમ માનું છું. | |
| ૧૪ | નિશાળ ઠીક છે પણ મને તે ગમતી નથી. | |
| ૧૫ | જો માબાપ પોતાનાં બાળકોને ઘેર રાખવા માગતા હોય તો તેમને ફરજિયાત શાળામાં નહિ મોકલવા જોઇએ. | |
| ૧૬ | મોટા ભાગના લોકો શાળામાં ન જાય તો તેમને કાંઈ નુકસાન થવાનું નથી. | |
| ૧૭ | નિશાળે જનાર વિદ્યાર્થી પહેલાં કરતાં વધારે ચારિત્ર્યભ્રષ્ટ થાય છે. | |
| ૧૮ | હું તો નિશાળ કરતાં કંઇ ધંધો યા નોકરી કરવાથી વધુ શીખી શકું. | |
| ૧૯ | નિશાળે જવું તો મને ભારે થઇ પડે છે. | |
| ૨૦ | શાળાઓ તો જનતા અને રાજ્યના પૈસાની બરબાદી કરે છે. | |
| ૨૧ | હું નોકરી કરવા કરતાં નિશાળે જવું પસંદ કરું. | |

# કસોટી નં. ૩

## શિક્ષકો તરફનું વિદ્યાર્થીઓનું વલણ

**સૂચના:**—નીચેનાં વાકયો વાંચો અને તેમાંથી જેની સાથે તમે સંમત થતા હોય તેવાં ફક્ત ત્રણ જ વાકયો પસંદ કરી તેની સામે રાખેલી ખાલી જગામાં '✓' કરો. વાકયોની પસંદગી પ્રામાણિકપણે કરજો.

| | | |
|---|---|---|
| ૧ | કિન્નાખોરી એ મારા શિક્ષકોનું મુખ્ય લક્ષણ છે. | |
| ૨ | મને લાગે છે કે મારા શિક્ષકો મને બિલકુલ સમજી શકયા નથી. | |
| ૩ | શિક્ષકો તરફથી પ્રોત્સાહન મળતું જ નથી. | |
| ૪ | મારા શિક્ષકો વિદ્યાર્થીઓને દરેક કામમાં નિરુત્સાહી બનાવે છે. | |
| ૫ | વર્ગની બહાર કોઈપણ જાતની મદદ કરવા શિક્ષકો તૈયાર થતા નથી. | |
| ૬ | શિક્ષકો વિદ્યાર્થીઓ પ્રત્યે નફરતની નજરે જુએ છે. | |
| ૭ | મને મારા શિક્ષકો અંગે કોઈપણ જાતનો ચોક્કસ અભિપ્રાય નથી. | |
| ૮ | શિક્ષકો પાસે ગમે ત્યારે મુશ્કેલી પૂછવા જઈ શકાય. | |
| ૯ | શિક્ષકો ઠીક છે કોઈ વખતે સલાહ આપે છે. | |
| ૧૦ | વાલી કરતાં શિક્ષકો વધારે માનને લાયક છે. | |
| ૧૧ | હું શિક્ષકને જીવતી જાગતી પ્રેરણા માનું છું. | |
| ૧૨ | મારા શિક્ષકો વિદ્યાર્થીઓની જરૂરી બાબતમાં વચ્ચે પડી માર્ગદર્શન આપે છે. | |
| ૧૩ | શિક્ષકો ઘણી વખતે પોતાની અણઆવડત ઢાંકવા વિદ્યાર્થીઓનો વાંક કાઢે છે. | |
| ૧૪ | મને હંમેશાં શિક્ષકોની સહાનુભૂતિ મળે છે. | |
| ૧૫ | શિક્ષકો મોટે ભાગે પક્ષપાતી છે. | |
| ૧૬ | શિક્ષકો વિદ્યાર્થીઓની મુશ્કેલી સમજવા બિલકુલ પ્રયત્ન કરતા નથી. | |
| ૧૭ | શિક્ષકો કોઇવખતે મને ગમે છે અને કોઇ વખતે નથી ગમતા. | |
| ૧૮ | શિક્ષકો વિદ્યાર્થીઓની અંગત બાબતમાં રસ લઇ યોગ્ય માર્ગદર્શન આપે છે. | |
| ૧૯ | મારા શિક્ષકોનું વર્તન માયાળુ છે. | |
| ૨૦ | હું શિક્ષકોને પૂજ્ય ગણું છું. | |

# કસોટી નં. ૪

## ઘર તરફનું વિદ્યાર્થીઓનું વલણ

**સૂચના:**—નીચે આપેલાં વાક્યો વાંચી જેની સાથે તમે સંમત થતા હો તેવાં ફક્ત ત્રણ જ વાક્યો પસંદ કરી '✓' કરો. વાક્યોને પસંદ કરવામાં પ્રામાણિકપણે મત આપજો.

| | | |
|---|---|---|
| ૧ | હું ગમે ત્યાં રહેવાનું પસંદ કરીશ ઘર નથી જોઈતું. | |
| ૨ | ઘરમાં વડીલોની સરમુખત્યારશાહી સહન કરવી પડે છે. | |
| ૩ | મારા માબાપ અશિક્ષિત છે એટલે અમારી વાતોમાં રસ ધરાવતાં નથી. | |
| ૪ | ઘરમાં વડીલો હોય તોયે ઠીક અને ના હોય તોય ઠીક. કંઇ બીક જ નહિ. | |
| ૫ | મારાં માબાપ તેમના અંગત કામ ઉપરાંત અમારી પ્રવૃત્તિઓમાં એટલો જ રસ ધરાવે છે. | |
| ૬ | મારું ઘર એટલે નવીન પ્રેરણાઓનું ઉદ્‌ભવ સ્થાન. | |
| ૭ | મને મારા ઘરનું વાતાવરણ ખૂબ જ ગમે છે. | |
| ૮ | અમે બધાં જ ભાઇબહેન વિનાસંકોચે અમારા વિચારો માબાપ પાસે વ્યક્ત કરી શકીએ છીએ. | |
| ૯ | મને બહારના લોકો કરતાં માબાપ સાથે રહેવું વધારે ગમે. | |
| ૧૦ | મારાં ભાઇબહેનો અંદર અંદર ઝઘડે છે. | |
| ૧૧ | ઘરમાં પગ મૂકયો એટલે ઠપકો અને તિરસ્કાર સહેવાનો. | |
| ૧૨ | રાજા મહારાજાઓના મહેલ કરતાં હું કુટુંબ સાથે ઘરમાં રહેવું પસંદ કરીશ. | |
| ૧૩ | હું તો શાળામાં જવા કરતાં માબાપ પાસે શિક્ષણ મેળવવું પસંદ કરું. | |
| ૧૪ | કોઇ વખતે મને ઘર ગમે છે. કોઇક વખતે નથી ગમતું. | |
| ૧૫ | મારાં માબાપ અમારી નાની શી બાબત તરફ અવગણના કરતાં નથી. | |
| ૧૬ | મને મારાં ભાઇ બહેનો સાથે રમવું ગમે. | |
| ૧૭ | હું ઘરને ફક્ત રહેવા અને જમવા માટેનું સ્થાન ગણું છું. | |
| ૧૮ | મારાં ઘરનાં માણસો પર વિશ્વાસ ન મૂકી શકાય. | |
| ૧૯ | મારાં માબાપ મારી બધી જ ફરિયાદો શાંતિથી સાંભળે છે. | |
| ૨૦ | મને ઘરમાં સંકુચિત માનસવાળા લોકો સાથે ભળવું ગમતું નથી. | |
| ૨૧ | ઘર ઠીક છે. રહેવા માટેનું સ્થાન છે. | |

# પ્રશ્નાવલી નં. ૧

નીચે આપેલા પ્રશ્નોના જવાબમાં ‘ હા ’ કે ‘ ના ’ ઉપર કુંડાળું કરો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | તમને રાજકારણમાં રસ છે ? | હા | ના |
| ૨ | | તમે માનો છો કે વિદ્યાર્થીઓએ રાજકારણમાં ભાગ લેવો જોઇએ ? | હા | ના |
| ૩ | | તમને લાગે છે કે રાજકરણમાં ભાગ લેવાથી– | | |
| | अ | વિદ્યાર્થી વધારે ચાલાક બને છે. | હા | ના |
| | ब | રાજકીય બાબતો વધારે સારી રીતે સમજી શકે છે. | હા | ના |
| | क | વિદ્યાર્થીઓ શિસ્ત જાળવતા નથી. | હા | ના |
| | ड | અભ્યાસ તરફ બેદરકાર બને છે. | હા | ના |
| | इ | સત્તાધીશો સામે વિરોધ કરતાં શીખે છે. | હા | ના |
| ૪ | | વિદ્યાર્થીઓએ રાજકરણમાં કેટલા પ્રમાણમાં ભાગ લેવો જોઇએ ? | | |
| | अ | સંપૂર્ણ પણે. | હા | ના |
| | ब | ફક્ત રાજકીય પક્ષના સભ્ય તરીકે. | હા | ના |
| | क | ફકત રાજકીય બાબતોની ચર્ચા પૂરતું. | હા | ના |
| | ड | રાજકીય પક્ષે રચેલાં અભ્યાસ વર્તુળોમાં હાજરી પૂરતો. | હા | ના |
| ૫ | | તમને લાગે છે કે રાજકીય પક્ષોએ વિદ્યાર્થીઓને સાધનરૂપ બનાવ્યા છે ? | હા | ના |
| ૬ | | તમને એવું લાગે છે કે રાજકારણમાં ઝંપલાવવાને લીધે જ વિદ્યાર્થીઓની શિસ્ત બગડી છે ? | હા | ના |
| ૭ | | તમે એમ માનો છો કે રાજકીય પક્ષોને લીધે જ વિદ્યાર્થીઓ ભણતર તરફ બેદરકાર બન્યા છે ? | હા | ના |
| ૮ | | શિક્ષકો રાજકીય પક્ષોની ચર્ચા વિદ્યાર્થીઓ સમક્ષ કરે તે તમને યોગ્ય લાગે છે ? | હા | ના |
| ૯ | | તમે કદી વિદ્યાર્થી હડતાળમાં જોડાયા છે ? | હા | ના |
| ૧૦ | | આજના રાજકીય નેતાઓથી તમને સંતોષ છે ? | હા | ના |
| ૧૧ | | તમે શાળા બહારના વિદ્યાર્થીમંડળોમાં ભાગ લો છો ? | હા | ના |
| ૧૨ | | તમારા વિદ્યાર્થી મંડળના નેતાઓ એક જ પક્ષના હોય છે ? | હા | ના |
| ૧૩ | | વિદ્યાર્થી મંડળનાં કાર્યો અને હક્કોથી તમને સંતોષ છે ? | હા | ના |
| ૧૪ | | તમે વિદ્યાર્થી મંડળમાં રાજકારણની ચર્ચા કરો છો ? | હા | ના |
| ૧૫ | | આવાં વિદ્યાર્થી મંડળો બીજા વિદ્યાર્થીઓને મદદરૂપ થાય છે એમ તમને લાગે છે ? | હા | ના |
| ૧૬ | | હાલની સરકાર વિદ્યાર્થીઓના હિતમાં જ કાર્ય કરે છે એમ તમને લાગે છે ? | હા | ના |
| ૧૭ | | વિદ્યાર્થીઓને હાલની સરકાર માટે અણગમો છે એમ લાગે છે ? | હા | ના |
| ૧૮ | | ચાલુ સરકાર ન હોત તો કદાચ વિદ્યાર્થીઓની પ્રગતિ રૂંધાઇ ગઇ હોત એમ માનો છો ? | હા | ના |
| ૧૯ | | આજના વિદ્યાર્થીઓ ગેરશિસ્ત બન્યા છે તેને માટે સરકાર જ કારણભૂત છે એમ તમે માનો છો ? | હા | ના |
| ૨૦ | | તમે જ્ઞાતિભેદમાં માનો છો ? | હા | ના |
| ૨૧ | | જ્ઞાતિભેદને લીધે જ વિદ્યાર્થીઓમાં ગેરશિસ્ત ફેલાય છે એમ તમે માનો છો ? | હા | ના |
| ૨૨ | | તમે માનો છો કે આર્થિક અસમાનતાથી વિદ્યાર્થીઓ ગેરશિસ્ત બન્યા છે ? | હા | ના |
| ૨૩ | | આજના વિદ્યાર્થીઓમાં શિસ્ત ભાવના નથી તેને માટે સરકાર સામેની ચળવળો કારણભૂત છે એમ લાગે છે ? | હા | ના |

# પ્રશ્નાવલી નં. ૨

નીચે આપેલા પ્રશ્નોના જવાબ સામે ' હા ' કે ' ના ' ઉપર કુંડાળું કરો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | તમે રમતગમતમાં ભાગ લો છો ? | હા | ના |
| ૨ | | તમે રમતગમતમાં ભાગ લેતા નથી કારણ કે.... | | |
| | अ | શાળામાં રમતગમતનાં સાધનો પૂરતાં નથી. | હા | ના |
| | ब | રમવા માટે મેદાન નથી. | હા | ના |
| | क | રમતોમાં રસ નથી. | હા | ના |
| | ड | રમતોમાં વિવિધતા મળતી નથી. | હા | ના |
| ૩ | | તમે શાળાની સાંસ્કારિક પ્રવૃત્તિ જેવી કે નાટક, ગરબા વગેરેમાં ભાગ લો છો ? | હા | ના |
| ૪ | | તમે સાંસ્કારિક પ્રવૃત્તિમાં ભાગ લેતા નથી કારણ કે.... | | |
| | अ | ભાગ લેવો ગમતો નથી. | હા | ના |
| | ब | પૂરતી તક મળતી નથી. | હા | ના |
| | क | ઘરના વડીલોને ગમતું નથી. | હા | ના |
| | ड | સમય પૂરતો મળતો નથી. | હા | ના |
| ૫ | | શાળાની ઇતર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં તમે ભાગ લો છો ? | હા | ના |
| ૬ | | તમને એવું લાગે છે કે શાળાની ઇતર પ્રવૃત્તિઓ રસપ્રદ નથી ? | હા | ના |
| ૭ | | ઇતર પ્રવૃત્તિઓ અંગે તમારા આચાર્ય તમને ચર્ચા કરવાનો મોકો મળે છે ? | હા | ના |
| ૮ | | તમને એમ લાગે છે કે શાળામાં અભ્યાસેતર પ્રવૃત્તિઓ માટે પૂરતી સગવડ નથી ? | હા | ના |
| ૯ | | વિદ્યાર્થીસંઘનું સંચાલન વિદ્યાર્થીઓ પોતે જ કરે એવું તમે માનો છો ? | હા | ના |
| ૧૦ | | વિદ્યાર્થીસંઘના સંચાલનમાં તમે ભાગ લીધો છે ? | હા | ના |
| | अ | આવા સંચાલનમાં ભાગ લેવાની ઇચ્છા હોવા છતાંએ તમને તક આપવામાં આવતી નથી એવું લાગે છે ? | હા | ના |
| | ब | વિદ્યાર્થીસંઘના સંચાલનથી તમને સંતોષ છે ? | હા | ના |
| ૧૧ | | તમને એમ લાગે છે કે શાળામાં તમારા વ્યકિતત્વને રૂંધી નાખવામાં આવે છે ? | હા | ના |
| ૧૨ | | તમે શાળાના પર્યટનમાં ભાગ લો છો ? | હા | ના |
| ૧૩ | | તમે પર્યટનમાં ભાગ લેતા નથી કારણ કે.... | | |
| | अ | આર્થિક સગવડ નથી. | હા | ના |
| | ब | આર્થિક સગવડ હોવા છતાં ઘરના વડીલો વિરોધ કરે છે. | હા | ના |
| | क | ઘરના વડીલો જુનવાણી હોવાથી વિરોધ કરે છે. | હા | ના |
| | ड | નાજુક તબિયત હોવાથી વિરોધ કરે છે. | હા | ના |
| | इ | ઘરમાં લાડકો/લાડકી હોવાથી વિરોધ કરે છે. | હા | ના |
| ૧૪ | | તમારા શિક્ષકો તમારા પ્રશ્નો સહાનુભૂતિથી સમજવા પ્રયત્ન કરે છે ? | હા | ના |
| ૧૫ | | શિક્ષકોનું વર્તન તમારી તરફ તિરસ્કારભર્યું હોય એવું તમને લાગે છે ? | હા | ના |
| ૧૬ | | શિક્ષકોનું વર્તન તમારી તરફ મૈત્રીભર્યું હોય એવો તમારો અનુભવ છે ? | હા | ના |
| ૧૭ | | તમારી ફરિયાદો વ્યક્ત કરવા માટે તમને પૂરતો મોકો મળે છે ? | હા | ના |
| ૧૮ | | તમારો ફુરસદનો સમય કેવી રીતે પસાર કરો છો ? | હા | ના |
| | अ | ટોળટપ્પા કરીને. | હા | ના |
| | ब | રમતગમતમાં. | હા | ના |
| | क | ઇતર વાચનથી. | હા | ના |
| | ड | ઊંઘ અને આળસમાં. | હા | ના |
| | इ | ઘરના કામકાજમાં | હા | ના |
| | ई | શું કરવું તે જ સમજાતું નથી. | હા | ના |